આજે પીએચ.ડી.નું સંશોધન કાર્ય પૂર્ણ થવાના આરે આવ્યું છે ત્યારે મને એ દિવસો યાદ આવે છે જ્યારે આ સંશોધન શરૂ કરવાના મૂળિયા નંખાયા હતા. કચ્છ યુનિવર્સિટીમાં હું ભણતો હતો. એમ.એ.નું પ્રથમ વર્ષ પૂર્ણ કરી અમે હજી બીજા વર્ષમાં નવા નવા જોડાયા હતા. એવામાં અમારા સાહેબ ડૉ. ભાવેશ જેઠવા વર્ગખંડમાં આવે છે. આવતાવેંત પ્રશ્ન પૂછે છે કે 'તમારામાંથી કોલેજમાં અધ્યાપક કેટલા વિદ્યાર્થીઓને થવું છે?' ઘણા બધા વિદ્યાર્થીઓની આંગળી તે દિવસે ઉંચી થયેલી. સાહેબે યુજીસી નેટ, સેટ અને પીએચ.ડી. વિશેની ઘણી બાબતો વિશે ખુબ વિસ્તારથી સમજૂતી આપી હતી. આ બધી વાત કરવા પાછળ સાહેબનો એક ચોક્કસ આશય હતો. આશય એવો હતો કે યુજીસી નેટની પરીક્ષા માટેના ફોર્મ ભરાવવાના શરૂ હતા. આખરે સાહેબે બીજો અને મહત્ત્વનો સવાલ પૂછ્યોઃ 'હવે તમે સૌ વિદ્યાર્થીઓ નેટ આપી શકવા માટેની લાયકાત ધરાવો છો. તો બોલો તમારામાંથી કેટલા વિદ્યાર્થીઓને નેટની પરીક્ષા આપવી છે?' જવાબમાં અમારી વીસ-બાવીસની સંખ્યામાંથી માત્ર ત્રણ જણની જ આંગળી ઉંચી થયેલી. આ ત્રણ જણ એટલે હું મારો મિત્ર જયદીપ જોશી અને વિજેતા ગામીત. અમે એટલા ઉત્સાહથી તૈયારી બતાવી એ બદલ સાહેબ ખૂબ ખુશ થયેલા અને આખરે તેમણે જ અમારો ઉમેદવારી માટે ફોર્મ અને ફી પણ ભરી આપેલી. વળી ત્યારે તો યુજીસી નેટ આજની પદ્ધતિ કરતા ઘણી અલગ રીતે લેવાતી. આજની જેમ બધું વૈકલ્પિક ત્યારે નહોતું. ડીસેમ્બર ૨૦૧૧માં ત્યારે ત્રીજું પેપર લેખિત રહેતું. જે વિદ્યાર્થી પહેલા બે પેપરમાં પાસ થાય તેમનું જ ત્રીજું પેપર તપાસવામાં આવતું એવો યુજીસીનો નિયમ હતો. અમે ત્રણેય વિદ્યાર્થીઓએ તૈયારીઓ શરૂ કરી. સાહેબ પાસેથી જ પુસ્તકો લેવાના, તેમની કેબિનમાં બેસીને જ વાંચવાના ક્યારેક ઘરે પણ વાંચવા લઈ જતા. અભ્યાસક્રમના બધા પુસ્તકો તો સાહેબ પાસે પણ નહોતા; આથી યુનિવર્સિટી લાઈબ્રેરીનો ઉપયોગ કરતા. તેમ છતાં જે કંઈ ન મળ્યું તે ઇન્ટરનેટની મદદથી શોધી શોધી વાંચ્યું. થોડુંક તો અંગ્રેજીમાં પણ વાંચ્યું. આખરે પરીક્ષા આપી. પરિણામ આવ્યું. વર્ષોની મહેનત પછી પણ જે પરીક્ષા પાસ ન થઈ શકે તે પરીક્ષામાં હું પ્રથમ પ્રયત્ને પાસ થયો. મારો અને સાહેબનો આનંદ તો તે ક્ષણે જોવા જેવો હતો જ્યારે અમને જાણવા મળ્યું કે મેં નેટ સાથે જેઆરએફ પણ પાસ કરી છે. સાહેબે તો તેમની પાસે પીએચડી કરવાનું આમંત્રણ આપી દીધુ હતું. પણ બધું એટલી સહેલાઈથી પતી જાય એમ ક્યાં હતું. કચ્છ યુનિવર્સિટી હજી નવી નવી બની હતી. યુનિવર્સિટીમાંથી જેઆરએફ થનાર હું પહેલો વિદ્યાર્થી હતો. આથી ત્યાં કોઈને ખ્યાલ પણ નહોતો કે જેઆરએફમાં જોડાવવા માટે શું કરવું! ચાર-છ મહિનાઓ પછી જાણવા મળ્યું કે કચ્છ યુનિવર્સિટી પાસે હજી "12-B"ની લાયકાત નથી. આથી મને જેઆરએફ તરીકે મળવાપાત્ર આર્થિક સહાય કે મળે કે નહિ એ સૌ લોકો માટે દ્વિધા હતી. ઉત્સાહ હવે હતાશામાં પરિવર્તન પામતો દેખાયો. આખરે ડૉ. ભાવેશ જેઠવા સાહેબે જ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડાના મારા હાલના ગાઈડ ડૉ. કાંતિલાલ માલસતર સાહેબ પાસે મને મોકલ્યો. મારા ગાઈડને હું પ્રથમ વખત મળ્યો. પીએચ.ડી. માટે કયો વિષય પસંદ કરવો એ વખતે

એ બાબતે ખૂબ લાંબી ચર્ચા ચાલી. મારા મનમાં વિચારી રાખેલા થોડા વિષયો સાહેબ સમક્ષ રજૂ કર્યા અને થોડા વિષયો સાહેબે સુચવ્યા.  પછી તો થોડો સમય ફોન પર વાતો થઈ આખરે ડાયસ્પોરા વિષયની પસંદગી થઇ. આ વિષય અંતર્ગત કેટલા અને કયા કયા સર્જકો કે પછી કઇ કૃતિઓ લેવી એના વિશે પણ પાછળથી ચર્ચાઓ કરી. ચર્ચાઓને અંતે હાલનો વિષય નક્કી કરવામાં આવ્યો અને આખરે ૧૭-૦૪-૨૦૧૩ના રોજ હું પીએચ.ડી. માટે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડામાં જોડાઈ ગયો.

શરૂઆતના પ્રથમ વર્ષે તો વિષય સંબંધિત સામગ્રી અને સંદર્ભ પુસ્તકોનું એકત્રીકરણ કર્યું. એ માટે યુનિવર્સિટીની હંસા મહેતા લાઇબ્રેરી, બરોડા સેન્ટ્રલ લાઇબ્રેરી, અમદાવાદની ગુજરાત સાહિત્ય પરિષદ, ગુજરાત યુનિવર્સિટી અને ગૂજરાત વિદ્યાપીઠની લાયબ્રેરીની મુલાકાત લીધી. જેટલા પણ સંદર્ભો હાથ વગા થયા તેના આધારે કામ શરૂ કર્યું. 'ડાયસ્પોરા' સંજ્ઞા આમ તો મારા માટે પણ સાવ જ નવી હતી. ગુજરાતીમાં આ વિષય ઉપર બહુ ઓછા સંદર્ભ પુસ્તકો મળ્યા. આથી હિન્દી અને અંગ્રેજી સંદર્ભોનો સહારો લીધો. આમ ધીમે ધીમે કામ આગળ વધવા લાગ્યું. આ દરમિયાન સંશોધનની સમજ કેળવાય એ ખાતર સરદાર પટેલ યુનિવર્સિટીમાં આવેલી એકેડેમિક સ્ટાફ કોલેજ આયોજિત ૨૧ દિવસનો પીએચ.ડી. કોર્સ વર્ક પણ કર્યો. સાથે સાથે અલગ અલગ સેમિનારોમાં જઈ મારા વિષય સંદર્ભે વિવિધ વિદ્વાનોના મંતવ્યો પણ લીધા જેથી મારી સમજ વિકસી.

સંશોધનના આ છ વર્ષ દરમ્યાન મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડામાં પાંચ વર્ષ અને એક વર્ષ બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી - રાજપીપલાના વિદ્યાર્થીઓને ભણાવવાનો પણ મને અવસર મળ્યો છે. આ વિદ્યાર્થીઓને વર્ગખંડમાં ભણાવતી વખતે, એમની સાથે ચર્ચાઓ કરતી વખતે મારા જ્ઞાનની ક્ષિતિજો પણ વિસ્તરી છે. આથી મારા તમામ વિદ્યાર્થીઓનો પણ હું ખુબ ખુબ આભાર માનું છું.

છેલ્લા એક વર્ષથી બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી - રાજપીપલામાં ગુજરાતી વિષયના વ્યાખ્યાતા સહાયક તરીકે  જોડાયા બાદ અહીંના સ્ટાફ સાથે પણ સારી એવી મિત્રતા થયેલી. મારા સંશોધન બાબતે આ મિત્રો સાથે પણ અવાર નવાર ચર્ચા વિચારણાઓ  કરી છે. તેમની સાથે કરેલી ચર્ચાઓના આધારે પણ મને ઘણા બધા નવા તથ્યો સમજાયા છે. આથી એ સૌનો આભાર પણ મારે માનવો જ રહ્યો. અધ્યાપક મિત્રો જેવા કે ડૉ. માલતીબેન પરમાર,  રિદ્ધિબેન સોની, રેખાબેન વસાવા, આસ્થાબેન બારીયા, ડૉ. પ્રકાશચંદ્ર જોશી, ડૉ. મનિષ ચૌધરી, રાજેશ ઝાલા, ભરત ભમ્મર અને ડૉ. મનિષસિંહ ગોહિલ ઉપરાંત આ યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. વિજયસિંહ વાળા સાહેબનો પણ હું અત્રે ખૂબ ખૂબ આભારી છું.

યુજીસી ન્યુ દિલ્હી દ્વારા મને શરૂઆતના બે વર્ષ માટે જુનિયર રિસર્ચ ફેલોશીપ અને પછીના ત્રણ વર્ષ માટે સિનિયર રિસર્ચ ફેલોશીપ મળી હોવાના કારણે મને મારા આ સંશોધન કાર્યમાં ક્યારેય પણ આર્થિક સંકળામણ અનુભવાઈ નથી. આ પાંચ વર્ષ દરમિયાન મને લગભગ બારથી તેર લાખ રૂપિયાની આર્થિક સહાય યુજીસી દ્વારા મળી છે. જેના લીધે હું મારું સંપૂર્ણ ધ્યાન આ સંશોધન કાર્યમાં લગાડી શક્યો. તેથી યુજીસીનો પણ હું આભારી છું.

આગળ વાત કરી તેમ ગુજરાતની મોટાભાગની લાયબ્રેરીઓના સાથ સહકારના લીધે જ મને મારા જોઈતા પુસ્તકો મને મળી શક્યા. આથી યુનિવર્સિટીની હંસા મહેતા લાયબ્રેરી, વડોદરાની બરોડા સેન્ટ્રલ લાયબ્રેરી, અમદાવાદની ગુજરાત યુનિવર્સિટી, ગૂજરાત વિદ્યાપીઠ અને ગુજરાતી સાહિત્ય પરિષદની લાયબ્રેરીનો પણ હું ખૂબ ખૂબ આભારી છું. આ ઉપરાંત વિવિધ સેમિનારો અને પરિસંવાદમાં જતી વખતે ગુજરાતની લગભગ તમામ યુનિવર્સિટીઓની લાયબ્રેરીમાં જવાનું થયું છે અને તેનો પણ પુરતો લાભ મેં લીધો છે. આથી અત્રે તમામ લાયબ્રેરીઓના સ્ટાફના કર્મચારીઓનો પણ આભાર માનવો જ પડે; આથી એમનો પણ આભાર.

હું પીએચ.ડી. સુધી પહોંચી શક્યો એ પાછળ મારા શિક્ષકોનો ખૂબ મોટો ફાળો છે. સુમરાસર (શેખ) પંચાયતી પ્રાથમિક શાળાથી માંડી સ્વામિનારાયણ હાઇસ્કૂલ – ભુજ અને રામજી રવજી લાલન કોલેજના મારા સાહેબશ્રી પ્રવીણ રથવી અને સુરેશ સુડિયા સાહેબનો પણ અત્રે આભાર. ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી – ભુજના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. દર્શનાબેન ધોળકિયા પાસેથી પણ એમ.એ.માં ભણવાનો લાભ મળ્યો. ડૉ. ભાવેશ જેઠવા સાહેબનો તો આભાર માનું એટલો ઓછો છે. આ ઉપરાંત માત્ર અમારા માટે થઈને ૫૦ કિલોમીટર દૂર છેક નખત્રાણાથી અમને ભણાવવા આવતા ડૉ. પારેખ સાહેબનો પણ અત્રે હું આભાર માનું છું.

મારા માર્ગદર્શક ભલે ડૉ. કાંતિલાલ માલસતર સાહેબ હોય પણ  જ્યારે જ્યારે મને કોઈપણ પ્રકારની જરૂરિયાત ઊભી થઈ છે અથવા અભ્યાસ બાબતે કોઈ મૂંઝવણ થઈ છે ત્યારે વિભાગના દરેક અધ્યાપકોએ મને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. કલાકો સુધી તેમની સાથે ચર્ચાઓ થઈ છે આથી અત્રે એમનો આભાર ન માનું તો હું નગુણો કહેવાઉં. આથી પ્રો. જયેશ ભોગાયતા સર, પ્રો. નીતા ભગત મેડમ, પ્રો. દિપક રાવલ સર, પ્રો. ભરત મહેતા સર, પ્રો. રાજેશ પંડ્યા સર, પ્રો. પુંડલિક પવાર સર, ડૉ. ભરત પંડ્યા સર, ડૉ. દર્શિનીબેન દાદાવાલા અને શકીલ કાદરી સર વગેરેનો હું કાયમી ઋણી રહીશ.

મારા સંશોધનની સફરમાં વિભાગના સંશોધનના વિદ્યાર્થીઓ તરફથી મને સારો એવો સહયોગ દર વખતે મળતો રહ્યો છે. આ મિત્રો સાથે મેં મારી તમામ મૂંઝવણો ખુલ્લા દિલે રજૂ કરી છે અને તેમણે પણ મને એટલા જ ઉત્સાહથી મારી જે કંઇ પણ ભૂલ થતી હોય ત્યાં મને કાળજીપૂર્વક સમજાવ્યો છે. આવા મિત્રોમાં રાજેન્દ્ર બાંભણિયા, હેમંત પરમાર, ગિરીશ મકવાણા, પ્રકાશ પરમાર, રાઘવ ભરવાડ, યોગેશ પટેલ, રાજેન્દ્ર પરમાર, કનુ પરમાર, વિનોદ ગવલી, જીગ્નેશ ગામીત, સુશીલા વાઘમશી, ઉર્વશી ઉમરેઠીયા, મૌલિકા પટેલ, જલ્પા પટેલ, મનાલી જોશી, માનશી જયસ્વાલ, બરખાબેન વળવી વગેરે રહ્યા છે. આ ઉપરાંત વિભાગમાં વિવિધ પ્રોજેક્ટ અંતર્ગત ફેલો તરીકે કામ કરતાં હિરેન ગઢવી, દીપક વ્યાસ, કોશાબેન રાવલ વગેરે પણ ખરાં. આ બધાથી વિશેષ મારા સંશોધનના શબ્દેશબ્દને વાંચી જઈ દરેક વખતે મને સલાહ-સૂચન આપનાર અંગત મિત્ર જિજ્ઞાબા રાણાનો આભાર માનવા માટે મારી પાસે કોઈ શબ્દો નથી! કેમકે શબ્દોની એક મર્યાદા હોય છે; જ્યારે જિજ્ઞાબા રાણાએ મને કોઈ પણ પ્રકારની મર્યાદાઓ વચ્ચે ન આવવા દેતા દરેક વખતે મદદ કરી છે, માટે સૌનો આભાર!!!

સૌથી વિશેષ આભાર મારા સંશોધનગ્રંથ લખવામાં મને નિયમિતપણે માર્ગદર્શન આપનારા માર્ગદર્શક ડૉ. કાંતિલાલ માલસતર સાહેબનો. વિભાગ હોય કે પછી તેમનું ઘર હોય બેફીકર થઇને ગમે ત્યારે તેમને મળી શકાયું છે. આ માટે તેમના ધર્મ પત્નિ વનીતાબેનનો પણ ખુબ ખુબ આભાર. તેમના સંતાનો સિદ્ધાર્થ અને ઝરણા પણ હવે મોટા થઈ સ્કુલે જવા લાગ્યા છે. પણ અત્યાર સુધી ઘરે પપ્પા સાથેનો જે સમય તેમના ભાગનો હતો એમાંથી પણ મેં ક્યારેક તેમની પાસેથી આ સમય પચાવી પાડ્યો છે, આથી એમની માફી સાથે એમનો પણ આભાર માનું છું.

આખરે માદરે વતન કચ્છથી મને છેક વડોદરા આવવા માટેની તમામ પ્રકારની સગવડ કરી આપનાર મારા વ્હાલા કુટુંબને તો કેમ ભૂલાય ! મમ્મી, પપ્પા, ભાઈ, બે બહેનો અને બે બનેવી ઉપરાંત ભાણિયા વેદનો પણ ખુબ ખુબ આભાર.